**જાહેરાત ક્રમાંક – ૨૪/૨૦૨૫, તા.૨૫/૧૧/૨૦૨૫માં દર્શાવેલ ક્રમાંક – ૧૦ મુજબની ડ્રાઈવરની જગ્યા માટેની પરીક્ષાની પધ્ધતિ નીચે દર્શાવ્યા મુજબની રહેશે.**

## ક ) <u>લેખિત પરીક્ષા - A</u>

સદર જગ્યા સંબધિત જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોની નીચેની વિગતે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) / M.C.Q પધ્ધતિથી હેતુલક્ષી પ્રશ્નોની લેખિત પરીક્ષા લેવાશે. જેમાં અભ્યાસક્રમનું ધોરણ અને વિષયવસ્તુ જે તે જગ્યા માટે જાહેરાતમાં માંગેલ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર (OMR) રહેશે. **લેખિત પરીક્ષા-A** માં કુલ પ્રશ્નો - ૫૦, કુલ ગુણ – ૫૦ અને સમય - ૪૦ મિનિટનો રહેશે. સદર **લેખિત પરીક્ષા-Aનો** વિગતવાર અભ્યાસક્રમ નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનો છે.

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | **સામાન્ય જ્ઞાન - ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિગેરે.** | ૩૦ | ૪૦ મિનિટ |
| ૨ | **ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી વ્યાકરણ** | ૧૦ | |
| ૩ | **અંગ્રેજી વ્યાકરણ** | ૧૦ | |
| | **કુલ ગુણ** | **૫૦** | |

૧) **લેખિત પરીક્ષા- A** Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે.
- દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે.
- ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
- ખોટા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માકીંગ લાગુ પડશે.
- દરેક પ્રશ્નના જવાબોમાં O.M.R. ઉત્તરપત્રમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "E" "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માકીંગ લાગુ પડશે નહી.
- પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માકીંગ) કરવામાં આવશે.

૨) **લેખિત પરીક્ષા- A**ના પ્રશ્નપત્રની ભાષા અંગ્રેજી અને ગુજરાતી રહેશે.

૩) **લેખિત પરીક્ષા- A**માં મેરીટના ધોરણે ઉતિર્ણ થનાર કુલ ખાલી જગ્યાના ૦૭ (સાત) ગણા ઉમેદવારોને **ઓનલાઈન ડ્રાઈવિંગ ટેસ્ટ- B** માટે બોલાવવામાં આવશે.

૪) **લેખિત પરીક્ષા – A**નું લઘુતમ લાયકી ધોરણ ૪૦ % રહેશે.

૫) જો એક કરતા વધુ ઉમેદવારોના **લેખિત પરીક્ષા- A**માં સરખા ગુણ થાય તો નીચેના ટાઈબેક્રરના નિયમો ધ્યાને લેવામાં આવશે.
  ૧) સૌથી ઓછા ખોટા ઉત્તર આપનાર ઉમેદવાર.
  ૨) હાયર સેકેન્ડરીમાં કુલ ગુણના આધારે વધુ ટકાવારી મેળવનાર ઉમેદવાર.
  ૩) જન્મતારીખને ધ્યાને લઈને વધુ ઉંમર ધરાવનાર ઉમેદવાર.

૬) પ્રમાણપત્રોની ખરાઈ તથા શારીરિક કસોટી માટે જે તારીખ અને સમય યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવે તે તારીખ અને સમયે ઉમેદવારે જ અચુક હાજર રહેવાનું રહેશે.

૭) પ્રમાણપત્રોની ચકાસણી માટે ગેરહાજર રહેલ ઉમેદવારો, પ્રમાણપત્રોની ચકાસણી માટે જરૂરી આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ રહેલ ઉમેદવારો તેમજ જાહેરાત મુજબ નિયત લાયકાત/અનુભવ ધરાવતા ન હોય તેવા તમામ ઉમેદવારોને ગેરલાયક (Disqualified) ઠરાવવામાં આવશે.

૮) પ્રમાણપત્રોની ચકાસણીને આધારે જે ઉમેદવારો ચકાસણીમાં લાયક ગણાશે તેઓ **ઓનલાઈન ડ્રાઈવિંગ ટેસ્ટ- B** માં ઉપસ્થિત થવા માટે લાયક (Qualified) ઠરાવવામાં આવશે. આવા ઉમેદવારોએ ઓનલાઈન ડ્રાઈવિંગ ટેસ્ટ અચૂક આપવાની રહેશે.

૯) **ઓનલાઈન ડ્રાઈવિંગ ટેસ્ટ – B** ની તારીખ અને સમય યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવામાં આવશે. આ અંગેનો કોઈ વ્યક્તિગત પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

૧૦) પ્રમાણપત્રોની ચકાસણી માટે અરજદારને બોલાવવા માત્રથી ઉમેદવાર સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હક્કદાર થશે નહિ તેમજ નિમણૂંક બાબતે યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

## ખ ) ઓનલાઈન ડાઇવિંગ ટેસ્ટ - B

**ઓનલાઈન ડાઇવિંગ ટેસ્ટ - B** કુલ ગુણ – ૫૦ અને સમય - ૪૦ મિનિટનો રહેશે. જેની માહિતી નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની છે.

**ઓનલાઈન ડાઇવિંગ ટેસ્ટ - B નું માળખું નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનું રહેશે.**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | **સંબંધિત જગ્યાને લગતી કામગીરી / વિષયને અનુરૂપ (Online driving test)** | ૫૦ | ૪૦ મિનિટ |
| | કુલ ગુણ | ૫૦ | |

## ગ ) પસંદગીના ધોરણો

૧) લઘુત્તમ લાયકી ધોરણ - પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટેનું લઘુત્તમ લાયકી ધોરણ અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે **લેખિત પરીક્ષા- A** (૪૦%) તથા **ઓનલાઈન ડ્રાઇવિંગ ટેસ્ટ - B (૪૦%)** ગુણ ભારાંક રહેશે. **લેખિત પરીક્ષા- A** માં મેરીટના ધોરણે ઉતિર્ણ થનાર ઉમેદવારોને જ **ઓનલાઇન ડ્રાઇવિંગ ટેસ્ટ - B** માટે બોલાવવામાં આવશે.

૨) પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી **લેખિત પરીક્ષા – A** તથા **ઓનલાઈન ડાઇવિંગ ટેસ્ટ - B**માં મેળવેલ કુલ ગુણના આધારે પ્રમાણપત્રોની ચકાસણી તથા શારીરિક તપાસના અંતે તૈયાર કરવામાં આવશે.

૩) ઉમેદવારોની આખરી પસંદગી યાદી તૈયાર કરતી વખતે ૧૦૦ માર્કસની ગણતરી નીચે મુજબ કરવી.

(૧) **લેખિત પરીક્ષા - A** માં મેળવેલ માર્કસને પ્રોરેટા ૪૦માં રૂપાંતરિત કરવા.

(૨) **ઓનલાઈન ડ્રાઈવીંગ ટેસ્ટ - B** માં મેળવેલ માર્કસને પ્રોરેટા ૪૦માં રૂપાંતરિત કરવા.

(૩) વિશિષ્ઠ સિદ્ધિઓ – ૨૦ માર્કસ

i) સ્નાતક પદવી માટે – ૦૫ માર્કસ

ii) દરેક સ્નાતક પદવી માટે – ૦૫ માર્કસ,પરંતુ વધુમાં વધુ ૧૦ માર્કસ.

iii) એ જ રીતે વધારાના અનુભવ માટે એક વર્ષના એક માર્કસ લેખે વધુમાં વધુ ૧૦ માર્કસ આપી શકાશે પરંતુ અનુભવ જે તે જગ્યાની કામગીરી માટેનો જ ગણવાનો રહેશે. ઉક્ત બંને પરીક્ષામાં મેળવેલ ગુણનો સરવાળા કરવો.

૪) પ્રતિક્ષાયાદી કુલ ખાલી જગ્યાના ૧૦ ટકા મુજબ તૈયાર કરવામાં આવશે.

૫) ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંક - વસ/૧૦૨૦૦૩/૯૦૦/ગ-૪, તા.૨૩/૭/૨૦૦૪ ની જોગવાઈઓ ધ્યાને લઈ સામાન્ય કેટેગરીના ઉમેદવારોને જે વયમર્યાદાના અને ગુણવત્તા (મેરીટ)ના ધોરણ લાગુ પાડવામાં આવ્યા હોય તે જ ધોરણે પસંદગી પામેલ હોય એવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને સામાન્ય કેટેગરી (બિનઅનામત) ની જગ્યા સામે

સરભર કરવામાં આવશે. પરંતુ સામાન્ય કેટેગરી માટે નિયત થયેલ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મેળવીને પસંદગી પામેલા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત તથા આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જે તે અનામત કેટેગરીની જગ્યા સામે પસંદ કરવામાં આવશે.

૬) ઉમેદવાર પોતે ઉપરોક્ત જગ્યાઓની મેરીટ યાદી/પસંદગી યાદી/ભલામણ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો હકક દાવો કરવાને હકદાર થશે નહિ. સરકારશ્રી /યુનિવર્સિટીના વખતો વખતના ઉપરોકત જગ્યાઓના ભરતી નિયમો તેમજ ઓનલાઈન અરજી અન્વયે આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) ક્સોટીમાં હાજર રહેલ ઉમેદવારે મેળવેલ ગુણ અને ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોને આધારે તમામ ઉમેદવારોનું મેરીટ લીસ્ટ તૈયાર કરીને જે તે કેટેગરીમાં ઉપલબ્ધ ખાલી જગ્યાના પ્રમાણમાં કેટેગરીવાઈઝ મેરીટ આધારે તૈયાર થયેલ કામચલાઉ (Provisional) પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે, તેમજ કેટેગરીવાઇઝ મેરીટ આધારે તૈયાર થયેલ કામચલાઉ (Provisional) પસંદગી યાદીમાં સ્થાન પામેલ ઉમેદવારોને પ્રમાણપત્ર ચકાસણી તેમજ શારીરિક તપાસ માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવશે અને ચકાસણીના અંતે નિમણુંક મેળવવાને પાત્ર જણાયેલ ઉમેદવારોની મેરીટ ક્રમ /પસંદગી ક્રમને આધારે આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે યુનિવર્સિટી / જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક 'રદ' કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.